**Gujarat Samachar Pg 5, 30th March 2022**

# આઈસી૧૫ ઈન્ડેક્સ ૮૧૩ પોઈન્ટ વધ્યો

મુંબઈ,તા.૨૯

મંગળવારે થોડા સમય માટે બિટકોઇન ૪૮,૦૦૦ ડોલરની સપાટી વટાવી ગયો હતો, જે આ વર્ષની તેની સર્વોચ્ચ સપાટી હતી. રોકાણકારોમાં હવે ક્રીપ્ટોકરન્સી પ્રત્યેનો વિશ્વાસ વધવા લાગ્યો છે. છેલ્લાં બે સપ્તાહમાં બ્લેકરોક અને ગોલ્ડમેન સાક્સ સહિતના નાણાકીય સેવા ક્ષેત્રના દિગ્ગજોએ ક્રીપ્ટોમાં રસ દાખવ્યો હોવાથી ક્રીપ્ટોકરન્સી માર્કેટમાં ગતિ આવી છે. દરમિયાન, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઇન્ડેક્સ - આઇસી૧૫ મંગળવારે બપોરે ચાર વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૧.૧૭ ટકા (૮૧૩ પોઇન્ટ) વધીને ૬૯,૭૪૪ પોઇન્ટ બંધ રહ્યો હતો. ઇન્ડેક્સ ૬૮,૯૩૧ ખૂલીને ૭૦,૪૯૪ સુધીની ઉપલી અને ૬૮,૧૧૬ પોઇન્ટની નીચલી સપાટીએ ગયો હતો.

ગયા અઠવાડિયે ક્રીપ્ટો માર્કેટમાં ૧૯૩ મિલ્યન ડોલરનો પ્રવાહ આવ્યો હતો. એમાંથી અડધા કરતાં વધારે રકમ બિટકોઇનમાં રોકાઈ હતી. ટેરા ઈકોસિસ્ટમે પોતાની બિટકોઇન ટ્રેઝરીમાં જાન્યુઆરીથી ૧ અબજ ડોલર કરતાં વધારેની વૃદ્ધિ કરી છે. ૨૮મી માર્ચે ચાર વધારે ખરીદી કરવામાં આવી હતી.